# GUJARATI
## Paper - II
## OCT–11/06

Signature of Invigilators

1. ..............................................

2. ..............................................

Roll No. ☐☐☐☐☐

(In figures as in Admit Card)

Roll No. ................................

..................................................

(in words)

**Time Allowed : 75 Minutes]** **[Maximum Marks : 100**

---

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **fifty (50)** multiple choice type questions. **All** questions are compulsory.
3. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter should entirely be contained within the corresponding square.

   Correct method [A] .Wrong method [A] OR [A]
4. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under Paper II only.
5. Read instructions given inside carefully.
6. Extra sheet is attached at the end of the booklet for rough work.
7. You should return the test booklet to the invigilator at the end of paper and should not carry any paper with you outside the examination hall.
8. There shall be no negative marking.
9. Use of calculator or any other electronic devices is prohibited.

SEAL

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

૧. આ પાનાની જમણી બાજુની ઉપર દર્શાવેલી જગ્યામાં તમારો રોલનંબર લખો.

૨. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા કુલ **પચાસ (૫૦)** પ્રશ્નો આપેલા છે. **બધા** જ પ્રશ્નો ફરજિયાત છે.

૩. પ્રત્યેક પ્રશ્ન વધુમાં વધુ ચાર બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવે છે. જે (A), (B), (C) અને (D) વડે દર્શાવવામાં આવ્યા છે. પ્રશ્નનો ઉત્તર અંગ્રેજી કેપીટલ સંજ્ઞા વડે આપવાનો રહેશે. ઉત્તરની સંજ્ઞા આપેલ ખાનામાં બરાબર સમાઈ જાય તે રીતે લખવાની રહેશે.

   ખરી રીત : [A] ખોટી રીત : [A] અથવા [A]

૪. આ પ્રશ્નપત્રના જવાબ સાથે આપેલ ICR Answer Sheet ના Paper II વિભાગની નીચે આપેલ ખાનાઓમાં આપવાના રહેશે.

૫. અંદર આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચો.

૬. આ બુકલેટની પાછળ આપેલું પાનું રફ કામ માટે છે.

૭. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી આ બુકલેટ જે તે નિરીક્ષકને સોંપી દેવી. કોઈપણ સામગ્રી પરીક્ષા ખંડની બહાર લઈ જવી નહીં.

૮. ખોટા જવાબ માટે નેગેટિવ ગુણાંકન પ્રથા અમલમાં નથી.

૯. કેલ્ક્યુલેટર અથવા બીજા કોઈ પણ ઈલેક્ટ્રોનિક યંત્રોનો પ્રયોગ કરવાની મનાઈ છે.

**GUJARATI** | **ગુજરાતી**

**PAPER - II** | **પેપર–II**

*Note* : This paper contains **FIFTY (50)** multiple-choice/Assertion + questions/Matching questions. Each question carrying **TWO (2)** marks. Attempt **All** the questions.

નોંધ : આ પ્રશ્નપત્રમાં **પચાસ (૫૦)** બહુવિકલ્પીય પ્રશ્નો, સાચું-ખોટું અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. બધા પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના **બે (૨)** ગુણ છે.

---

1. 'આશા પંખી' અને 'તરણા ઓથે ડુંગર' નવલકથાઓના સર્જક કોણ છે ?

 (A) પન્નાલાલ પટેલ  (B) પીતાંબર પટેલ

 (C) ઈશ્વર પેટલીકર  (D) મનુભાઈ પંચોળી

2. 'ભારતીય સાહિત્ય કોશ' ના રચયિતા કોણ છે ?

 (A) ડૉ. નગેન્દ્ર  (B) ડૉ. હરદેવ બાહરી

 (C) જેઠાલાલ ત્રિવેદી  (D) વિજયરાજ વૈદ્ય

3. 'કાફી' સ્વરૂપમાં કયા કવિનું પ્રદાન છે ?

 (A) માંડણ  (B) અખો

 (C) પ્રીતમ  (D) ધીરો

4. નીચેનામાંથી કઈ પંક્તિના કવિ દયારામ છે ?

 (A) ગોવિંદો પ્રાણ અમારો રે  (B) વૈષ્ણવ નથી થયો તું રે

 (C) જાગને જાદવા.....  (D) ત્રણેમાંથી એકપણ નહિ

5. નીચેનામાંથી અનુભાવો કયા છે ?

 (A) આંસુ, રોમાંચ આદિ  (B) પ્રકૃતિવર્ણન, આભૂષણ વગેરે

 (C) વ્યભિચારી, સ્થાયી  (D) કરુણ, રૌદ્ર વગેરે

6. પોતાના અવસાન પૂર્વે કવિએ રચેલા પોતાના મૃત્યુ વિશેના કાવ્યનું સ્વરૂપ કયું ?

(A) કરુણપ્રશસ્તિ (B) મરસિયાં

(C) ફટાણાં (D) આત્મકરુણિકા

7. બંને પદો સમાન વ્યાકરણી મોભો ધરાવતાં હોય ત્યારે કયો સમાસ બને છે ?

(A) દ્વિગુ (B) દ્વન્દ્વ

(C) કર્મધારય (D) તત્પુરુષ

8. 'નીતિ એ કલાની વિષકન્યા છે' આ વિધાન કોણે કર્યું છે ?

(A) ગાંધીજી (B) ક.મા. મુનશી

(C) ચંદ્રકાંત બક્ષી (D) વિજયરાજ વૈદ્ય

9. **વિધાન** : બધા વાચિક ધ્વનિઓ ધ્વનિઘટકો હોય છે.

**તર્ક** : ધ્વનિઘટક ભાષામાં અર્થભેદક રીતે પ્રયોજાય છે.

(A) વિધાન સાચું છે તર્ક ખોટો છે

(B) વિધાન ખોટું છે તર્ક સાચો છે

(C) વિધાન અને તર્ક બંને સાચાં છે

(D) વિધાન અને તર્ક બંને ખોટાં છે

10. 'ગુજરાતી ભાષાનું બૃહદ વ્યાકરણ' કોણે લખ્યું છે ?

(A) હરિવલ્લભ ભાયાણી (B) કે.બી. વ્યાસ

(C) કમળાશંકર ત્રિવેદી (D) કે.કા. શાસ્ત્રી

11. નીચેનામાંથી દેશ્ય શબ્દ કયો છે ?

(A) ઘાઘરો (B) વરત

(C) પરસાદ (D) પાન

12. 'ગુજરાતી વિવેચન તત્વ વિચાર' કૃતિના લેખક કોણ છે ?

(A) શિરીષ પંચાલ
(B) ચંદ્રકાંત ટોપીવાળા
(C) પ્રમોદકુમાર પટેલ
(D) સુમન શાહ

13. 'સ્નેહ મુદ્રા' કૃતિનું સાહિત્યસ્વરૂપ કયું છે ?

(A) ખંડકાવ્ય
(B) પદ્યવાર્તા
(C) કરુણપ્રશસ્તિ
(D) પ્રબંધ

14. નીચેનામાંથી કયો વિકલ્પ સંપૂર્ણ સાચો છે ?

(A) 'અભિનવનો રસવિચાર' અને 'ન હન્યતે' ના અનુવાદક નગીનદાસ પારેખ છે.

(B) 'કુમાર' ના તંત્રી અને 'ગ્રંથકીટ' નગીનદાસ પારેખ છે.

(C) 'શીમળાનાં ફૂલ' અને 'બત્રીસ પૂતળીની વેદના' કૃતિ ધીરુબેન પટેલની છે.

(D) ઈવા ડેવ અને હિમાંશી શેલત બંને ગુજરાતીનાં નારી સર્જકો છે.

15. 'હું એક રમકડું સિંગાપુરથી સાથે લેતો આવ્યો છું' – આ પંક્તિનો છંદ કયો ?

(A) સોરઠો
(B) સવૈયા
(C) ચોપાઈ
(D) ઉપરના ત્રણમાંથી એકેય નહિ

16. 'મ ર ભ ન ય ય ય' બંધારણ કયા છંદનું છે ?

(A) શિખરિણી
(B) સ્રગ્ધરા
(C) પૃથ્વી
(D) શાર્દૂલ વિક્રીડિત

17. એક ઇન્દ્રિયથી પ્રત્યક્ષ થતાં કલ્પનનો બોધ અન્ય ઈન્દ્રિયથી પ્રત્યક્ષ થતો હોય ત્યારે કઈ સંજ્ઞા પ્રયોજાય છે ?

(A) ઇન્દ્રિય ગ્રાહ્યતા
(B) ઇન્દ્રિયતા
(C) ઇન્દ્રિયવ્યત્યય
(D) પ્રત્યક્ષીકરણ

18. ૧૮૫૭ ના સ્વાતંત્ર્યસંગ્રામને કેન્દ્રમાં રાખીને રચાયેલી ગુજરાતી નવલકથા કઈ છે ?

(A) સમૂળી ક્રાન્તિ
(B) બંદીઘર
(C) પાદરનાં તીરથ
(D) ભારેલો અગ્નિ

19. નીચેનામાંથી ધ્વનિવ્યત્યયનું સાચું દૃષ્ટાંત કયું છે ?

(A) આર્યુવેદ
(B) શકુન્તલા
(C) પ્રિયંવદા
(D) આતંકવાદ

20. 'પ્રાગૈતિહાસિક અને શોકસભા' કયા સ્વરૂપની કૃતિ છે ?

(A) નવલકથા
(B) કરુણ પ્રશસ્તિ
(C) આત્મકથા
(D) ટૂંકી વાર્તા

21. 'તેણે' તથા 'તેને' બે શબ્દ વચ્ચે ભેદ દર્શાવતો સાચો વિકલ્પ કયો ?

(A) 'તેણે' કર્તા અને 'તેને' કર્મ સૂચવે છે
(B) 'તેણે' અને 'તેને' બંને શબ્દનો એક જ અર્થ છે
(C) તેણે કર્મ અને તેને કર્તા સૂચવે છે
(D) ઉપરના ત્રણમાંથી એક પણ નહિ

22. 'કાવ્યવિવેચનનીસમસ્યાઓ' ગ્રંથના કર્તા કોણ છે ?

(A) સુમન શાહ

(B) ચન્દ્રકાન્ત ટોપીવાળા

(C) શિરીષ પંચાલ

(D) નીતિન મહેતા

23. 'સત્યપ્રકાશ' નામના સામયિકના સ્થાપક કોણ છે ?

(A) ગાંધીજી

(B) કરસનદાસ મૂળજી

(C) દાદાભાઈ નવરોજી

(D) નર્મદ

24. 'આધુનિકતા : સંકુલ સંપ્રત્યય' કૃતિના કર્તા કોણ છે ?

(A) સુમન શાહ

(B) જયેશ ભોગાયતા

(C) બિપિન આશર

(D) ભોળાભાઈ પટેલ

25. નીચેનામાંથી કયો શબ્દ રવાનુકારી છે ?

(A) કાનેકાન

(B) કામકાજ

(C) ટપટપ

(D) કાગળપત્ર

26. **વિધાન** : બધા રવાનુકારી શબ્દો દ્વિરુક્તિ હોય છે.

**તર્ક** : બધી જ દ્વિરુક્તિ રવાનુકારી હોય છે.

(A) વિધાન સાચું છે તર્ક ખોટો છે

(B) વિધાન ખોટું છે તર્ક સાચો છે

(C) વિધાન અને તર્ક બંને સાચાં છે

(D) વિધાન અને તર્ક બંને ખોટાં છે

27. **માહિતી :** (૧) ગઝલમાં આરંભથી અંત સુધી સળંગસૂત્ર એક જ ભાવનું નિરૂપણ અનિવાર્ય નથી.

**માહિતી :** (૨) ગીતમાં આરંભથી અંત સુધી સળંગસૂત્ર એક જ ભાવનું નિરૂપણ અનિવાર્ય છે.

(A) માહિતી (૧) અને (૨) બંને સાચી છે

(B) માહિતી (૧) અને (૨) બંને ખોટી છે

(C) માહિતી (૧) સાચી અને (૨) ખોટી છે

(D) માહિતી (૧) ખોટી અને (૨) સાચી છે.

28. **માહિતી :** (૧) 'શબ્દસૃષ્ટિ' ના સંપાદક ભોળાભાઈ પટેલ છે.

**માહિતી :** (૨) 'પરબ' ના સંપાદક હર્ષદ ત્રિવેદી છે.

(A) માહિતી (૧) અને (૨) બંને ખોટી છે

(B) માહિતી (૧) અને (૨) બંને સાચી છે

(C) માહિતી (૧) સાચી (૨) ખોટી છે

(D) માહિતી (૧) ખોટી અને (૨) સાચી છે

29. 'પીયૂષ' અને 'જિજીવિષા' શબ્દોની જોડણી અંગેનો સાચો વિકલ્પ કયો ?

(A) બંને જોડણી સાચી છે

(B) બંને જોડણી ખોટી છે

(C) પ્રથમ જોડણી સાચી બીજી જોડણી ખોટી છે

(D) પ્રથમ જોડણી ખોટી બીજી જોડણી સાચી છે

30. નીચેનામાંથી સંપૂર્ણ સુસંગત જૂથ કયું ?

(A) 'વસંત વિજય', ખંડકાવ્ય, રા.વિ. પાઠક, પંડિતયુગ

(B) છેલ્લું દર્શન – સોનેટ – બ.ક.ઠા. પંડિતયુગ

(C) હંકારી જા – ઊર્મિગીત – સુંદરમ્ – ગાંધીયુગ

(D) વખાર – ગઝલ – સિતાંશુ યશશ્ચંદ્ર – આધુનિક

31. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જૂથ કયું છે તે દર્શાવો :

| યાદી ૧ | યાદી ૨ |
|---|---|
| (ક) વાડીલાલ ડગલી | (૧) કાર્ડિયોગ્રામ |
| (ખ) ગુણવંત શાહ | (૨) આથમતાં અજવાળાં |
| (ગ) પ્રવીણ દરજી | (૩) શિયાળાની સવારનો તડકો |
| (ઘ) ભગીરથ બ્રહ્મભટ્ટ | (૪) વેણુરવ |

| | ક | ખ | ગ | ઘ |
|---|---|---|---|---|
| (A) | ૪ | ૩ | ૨ | ૧ |
| (B) | ૩ | ૧ | ૪ | ૨ |
| (C) | ૨ | ૪ | ૩ | ૧ |
| (D) | ૧ | ૨ | ૪ | ૩ |

32. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું વિગત જૂથ કયું છે તે દર્શાવો :

| યાદી ૧ | યાદી ૨ |
|---|---|
| (ક) ઉમાશંકર જોશી | (૧) વમળનાં વન |
| (ખ) સુરેશ જોષી | (૨) ઝાલર વાગે જૂઠડી |
| (ગ) વિનોદ જોશી | (૩) પ્રત્યંચા |
| (ઘ) જગદીશ જોશી | (૪) ગંગોત્રી |

| | ક | ખ | ગ | ઘ |
|---|---|---|---|---|
| (A) | ૪ | ૩ | ૨ | ૧ |
| (B) | ૨ | ૩ | ૧ | ૪ |
| (C) | ૩ | ૨ | ૪ | ૧ |
| (D) | ૨ | ૧ | ૩ | ૪ |

33. કયું વિગતજૂથ સંપૂર્ણ અસંગત છે ?

(A) કાન્ત – પૂર્વાલાપ, રોમન સ્વરાજ, શિક્ષણનો ઇતિહાસ

(B) ન્હાનાલાલ – વસંતોત્સવ, કુરુક્ષેત્ર, હરિસંહિતા

(C) રા.વિ. પાઠક – વિશેષ કાવ્યો, કુલાંગાર અને બીજી કૃતિઓ, મનોવિહાર

(D) ચં.ચી. મહેતા – આગગાડી, બાંધ ગઠરિયાં, મેના ગુર્જરી

34. કયું વિગતજૂથ સંપૂર્ણ સુસંગત છે ?

(A) 'હું પોતે', 'સ્મરણયાત્રા', બિલ્લો ટિલ્લો ટચ

(B) 'સ્વપ્નતીર્થ', 'મરણોત્તર', 'અથવા'

(C) 'સૂર્યારોહણ', 'શબવત્', 'જીવ'

(D) 'ધૂળમાંની પગલીઓ', 'વનાંચલ', 'પરલોકે પત્ર'

35. કયું જૂથ સંપૂર્ણ સુસંગત છે ?

(A) નર્મદ – દલપતરામ – નરસિંહ રાવ – નવલરામ

(B) ઉમાશંકર – સુંદરમ્ – રા.વિ. પાઠક – મેઘાણી

(C) કાન્ત – કલાપી – નાનાલાલ – કાલેલકર

(D) ચંદ્રકાન્ત બક્ષી – મધુરાય – મુકુન્દરાય પારાશર્ય – કિશોર જાદવ

36. **વિધાન** : 'વસંતવિલાસ' જૈન ફાગુ કાવ્ય છે.

**તર્ક** : વસંતવિલાસના કર્તા જૈન છે.

(A) વિધાન અને તર્ક બંને સાચાં છે

(B) વિધાન અને તર્ક બંને ખોટાં છે

(C) વિધાન સાચું છે અને તર્ક ખોટો છે

(D) વિધાન ખોટું છે અને તર્ક સાચો છે

37. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું વિગતજૂથ કયું છે તે દર્શાવો :

| યાદી ૧ | યાદી ૨ |
|---|---|
| (ક) બાલાશંકર | (૧) 'સાગર' |
| (ખ) ત્રિભુવન પ્રેમશંકર | (૨) 'સંચિત' |
| (ગ) રૂપ શંકર ઓઝા | (૩) 'મસ્તકવિ' |
| (ઘ) જગન્નાથ દા. ત્રિપાઠી | (૪) 'કલાન્ત કવિ' |

| | ક | ખ | ગ | ઘ |
|---|---|---|---|---|
| (A) | ૪ | ૩ | ૨ | ૧ |
| (B) | ૧ | ૨ | ૩ | ૪ |
| (C) | ૨ | ૧ | ૩ | ૪ |
| (D) | ૩ | ૧ | ૪ | ૨ |

38. બંને યાદીઓની વિગત સરખાવીને ખરું વિગતજૂથ કયું છે તે દર્શાવો :

| યાદી ૧ | યાદી ૨ |
|---|---|
| (ક) ઘરે બાહિરે | (૧) ગિરીશ કર્નાડ |
| (ખ) ગોદાન | (૨) વિભૂતિ ભૂષણ બંદોપાધ્યાય |
| (ગ) આરણ્યક | (૩) પ્રેમચંદ |
| (ઘ) હયવદન | (૪) રવીન્દ્રનાથ ટાગોર |

| | ક | ખ | ગ | ઘ |
|---|---|---|---|---|
| (A) | ૩ | ૪ | ૨ | ૧ |
| (B) | ૨ | ૧ | ૪ | ૩ |
| (C) | ૩ | ૨ | ૧ | ૪ |
| (D) | ૪ | ૩ | ૨ | ૧ |

39. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું વિગતજૂથ કયું છે તે દર્શાવો :

| યાદી ૧ | યાદી ૨ |
|---|---|
| (ક) ફર્સ્ટ સર્કલ | (૧) કાફકા |
| (ખ) ધી ઓલ્ડ મેન એન્ડ ધ સી | (૨) જેમ્સ જોય્સ |
| (ગ) ધ ટ્રાયલ | (૩) સોલ્ઝેનિત્સિન |
| (ઘ) યુલિસિસ | (૪) અર્નેસ્ટ હેમિંગ્વે |

| | ક | ખ | ગ | ઘ |
|---|---|---|---|---|
| (A) | ૩ | ૪ | ૧ | ૨ |
| (B) | ૧ | ૩ | ૪ | ૨ |
| (C) | ૪ | ૩ | ૨ | ૧ |
| (D) | ૨ | ૧ | ૩ | ૪ |

40. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું વિગતજૂથ કયું છે તે દર્શાવો :

| યાદી ૧ | યાદી ૨ |
|---|---|
| (ક) નહીં નાથ નહીં નાથ ન જાણો કે સ્હવાર છે | (૧) ગીત |
| (ખ) ઉંબરે ઊભી સાંભળું રે બોલ............ | (૨) ખંડકાવ્ય |
| (ગ) લવીંગ કેરી લાકડીએ રામે સીતાને....... | (૩) સોનેટ |
| (ઘ) ધમાલ ન કરો જરાય નહિ નેન ભીનાં થશો | (૪) લોકગીત |

| | ક | ખ | ગ | ઘ |
|---|---|---|---|---|
| (A) | ૨ | ૧ | ૪ | ૩ |
| (B) | ૩ | ૨ | ૧ | ૪ |
| (C) | ૪ | ૩ | ૨ | ૧ |
| (D) | ૨ | ૪ | ૩ | ૧ |

41. નીચેનામાંથી કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં નથી ?

(A) ધૂમકેતુ, રા.વિ. પાઠક, સુંદરમ્, જયંત ખત્રી

(B) ક.મા. મુનશી, રઘુવીર ચૌધરી, ઝવેરચંદ મેઘાણી, દર્શક

(C) નરસિંહરાવ, ઉમાશંકર જોશી, સુરેશ જોષી, રમેશ પારેખ

(D) નવલરામ, વિજયરાય વૈદ્ય, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, સુમન શાહ

42. નીચેનામાંથી કયું વિગતજૂથ કાળક્રમમાં છે ?

(A) નર્મદ, ગોવર્ધનરામ, રાજેન્દ્ર શાહ, વિનોદ જોશી

(B) કાન્ત, દલપતરામ, રાવજી, લાભશંકર ઠાકર

(C) દાસીજીવણ, મીરાં, ગંગાસતી, રતનબાઈ

(D) રતિલાલ બોરીસાગર, બકુલ ત્રિપાઠી, જયોતીન્દ્ર દવે, વિનોદ ભટ્ટ

43. 'છપ્પા' સ્વરૂપના મૂળ યોજક કવિ કોણ છે ?

(A) માંડણ બંધારો (B) અખો

(C) નરહરિ (D) શામળ

44. 'પ્રસ્થાન' સામયિકના પ્રથમ સંપાદક કોણ હતા ?

(A) કેશવ હર્ષદ ધ્રુવ (B) રા.વિ. પાઠક

(C) વિજયરાય વૈદ્ય (D) કે.કા. શાસ્ત્રી

45. 'કુમાર' સામયિકના સંસ્થાપકનું નામ શું છે ?

(A) બચુભાઈ રાવત (B) રવિશંકર રાવળ

(C) ધીરુ પરીખ (D) આનંદ શંકર ધ્રુવ

નીચે આપેલા કાવ્યને આધારે પૂછેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી સાચો ઉત્તર દર્શાવો :

**પરોઢે તાપણી પાસે બેઠેલ**
**વૃદ્ધની સ્વગતોક્તિ**

ધીરે રહી પમરતું પરભાતિયું, ને
માંચી મહીં બચબચ્યું શિશુ. કાન વાગ્યા
કો શ્વાનના. સળવળ્યો પથ, શાંત પાછો.
ચોપાસ મંદ પ્રસરે ભળભાંખળું થૈ
તંબૂર. ને મન વિષે કશી રિક્ત શાંતિ.
ઉતાવળી ગરગડી થઈ કો'ક કૂવે
ખેંચ્યે જતી ઘટ હવે. સણકોરવાયો
અગ્નિ સ્વયં. ખળભળ્યું મન કો વલોણે.
ઓ સીમમાં સકલ ભાંભરતી ગમાણો
ચાલી ગઈ, નયનબ્હાર ઘડીકમાં તો.
ભીની જગા કલકલી ઊઠી – સ્પર્શ મ્હોર્યો
પાસે, ફરે કર, કઠોર પડેલ સાંઠી.
કેવે સમે સૂરજ પૂર્વ વિષે પ્રકાશ્યો !
ખોળ્યા કરું હજીય ભસ્મ મહીં.....

46. આ કાવ્યનો નાયક કોની સાથે વાત કરે છે ?

(A) નાયિકા સાથે (B) સમય સાથે

(C) જીવન સાથે (D) પોતાની સાથે

47. આ કાવ્યનો છંદ કયો છે ?

(A) ઉપજાતિ

(B) ઇન્દ્રવજ્રા

(C) વસંતતિલકા

(D) પૃથ્વી

48. આ કાવ્યનો પ્રકાર કયો છે ?

(A) ઊર્મિગીત

(B) ગઝલ

(C) ખંડકાવ્ય

(D) સોનેટ

49. આ કાવ્યમાં દિવસના કયા સમયનો નિર્દેશ છે ?

(A) બપોર

(B) સાંજ

(C) રાત્રિ

(D) પરોઢ

50. નીચેનામાંથી તદ્ભવ શબ્દ શોધી કાઢો.

(A) અગ્નિ

(B) શિશુ

(C) શ્વાન

(D) ગમાણ

ROUGH WORK

SEAL